# શાળામાં નટખટ સરદાર વલ્લભભાઈ પટેલ

શ્રી વલ્લભભાઈને સાત-આઠ વર્ષ પછી કરમસદમાં શાળામાં ભણવા માટે મૂકવામાં આવેલા. તે સમયે કહાનદાસ માસ્તર ગામમાં પ્રાથમિક શાળા ચલાવતા હતા.જ્યાં છોકરાઓ અક્ષરજ્ઞાન અને ગણિત શીખવા આવતા. એકવાર વલ્લભભાઈએ શિક્ષકને સવાલ પૂછ્યો ત્યારે શિક્ષક થૂંક્યા અને ગાળ પણ આપીને કહ્યું કે, મને શું કામ પૂછે છે ? જાતે શીખી લેજે. વલ્લભભાઇ ચૌદ વર્ષના થયા ત્યારે ગામમાં નવી શરૂ થયેલ અંગ્રેજી શાળામાં હઠ કરીને જોડાયા હતા અને શિક્ષકોની ઉપેક્ષા કરીને પોતાની જાતે પુસ્તકો વાંચવા લાગ્યા. અંગ્રેજી શાળાનાં ત્રણ ધોરણ પૂરાં કર્યા ત્યારે વલ્લભભાઇ સત્તર વર્ષના હતા.

સત્તરેક વર્ષની ઉંમરે લગ્ન કર્યાબાદ વલ્લભભાઇ પેટલાદમા મકાન ભાડે રાખી બીજા છ છોકરાઓની સાથે રહીને અંગ્રેજી પાંચ ધોરણ સુધી ભણેલા. તે જે રૂમમાં રહેતા હતા તે રૂમમાં મોટા અક્ષરે સૂત્ર લખેલું હતું, " એકતા મોટું બળ છે". પેટલાદ પછી નડિયાદ હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા હતા ત્યારે વલ્લભભાઇ "તોફાની બહારવટીયા" ગણાતા હતા. એક દિવસ અગરવાલ નામના શિક્ષક ક્લાસમાં સમયસર આવ્યા નહીં, ત્યારે એક છોકરો મોટેથી ગાવા લાગ્યા તેની સાથે બાકીના છોકરા પણ ગાવા લાગ્યા. અવાજ સાંભળીને અગરવાલ સાહેબ દોડી આવ્યા અને પેલા છોકરાને વઢવા લાગ્યા. ત્યારે વલ્લભભાઈએ તે સાહેબને કહેલું કે," સાહેબ, તમે તેને શા માટે વઢો છો? તમે આવ્યા નહીં તો અમે ગાવાને બદલે રોવા બેસીએ?" અગરવાલે વલ્લભભાઈને ક્લાસમાંથી કાઢી મૂકેલા ત્યારે બાકીના છોકરાઓ પણ ક્લાસમાંથી નીકળી પડેલા. અંતે હેડમાસ્તર ભરૂચા સાહેબે વલ્લભભાઈને માફી માંગવાનું કહેલું. પણ વલ્લભભાઈએ કહેલું," સાહેબ તમે નાહક મને માફી માગવાનું કહો છો, અમે વાટ જોતા હતા ત્યારે અમે શું કર્યુ? અમે કંઇ હોહા તો મચાવી નથી. અમે તો માત્ર ગાતા હતા." અંતે માફી મંગાવ્યા સિવાય અગરવાલે ક્લાસમાં ભણાવવું પડેલું. બીજા એક શિક્ષક શાળામાં જ નોટબુક અને પેન્સિલનું વેચાણ કરતા હતા. તેની સામે વલ્લભભાઈએ બહિસ્કાર કરીને તેમનું વેચાણ બંધ કરાવેલ.

નડિયાદમાંથી વલ્લભભાઇ થોડો વખત વડોદરાની સરકારી હાઇસ્કૂલમાં ભણવા ગયેલા. તે વખતે તેઓ મંદિરની હોસ્ટેલમાં રહેતા. વડોદરાની શાળામાં પણ ઝગડો ઊભો થયેલો. સંસ્કૃતને બદલે વલ્લભભાઈએ ગુજરાતી લીધું હતું. ગુજરાતી વિષય છોટાલાલ માસ્તર ભણાવતા હતા. વલ્લભભાઈને ક્લાસમાં બેઠેલા જોઇને તેમણે વ્યંગમાં કહેલું,"આવો સાહેબ, તમે સંસ્કૃત છોડીને ગુજરાતી લીધું છે, પણ તમને ખબર છે કે સંસ્કૃતમાં કાચો હોય તે ગુજરાતીમાં પણ નબળો જ રહે? આ દેશમાં દરેક હિંદુએ સંસ્કૃત તો શીખવું જ જોઇએ. ત્યારે વલ્લભભાઈએ જવાબ આપ્યો હતો, " સાહેબ, બધા છોકરાએ સંસ્કૃત લીધું હોત તો તમારે ઘેર બેસવું પડત."આ જવાબ છોટાલાલ માસ્તરને ના ગમ્યો, તેમણે વલ્લભભાઈને બાંકડા પર ઊભા રહેવાની શિક્ષા કરી. વલ્લભભાઈ બાંકડા પર ઊભા પણ રહ્યા. છતાં છોટાલાલ માસ્તરે તેમને એકથી દસ સુધીના આંકના પાડા લખી

લાવવાની શિક્ષા કરી. વલ્લભભાઇએ તે શિક્ષા માની નહીં. છોટાલાલે બીજા દિવસે બે વાર પાડા લખી લાવવાનું કહ્યું. વલ્લભભાઇએ પોતાની હઠ ના છોડી. માસ્તરે બસો વખત પાડા લખી લાવવાનું કહ્યું. વલ્લભભાઇ માન્યા નહીં જ. આ ફરિયાદ આચાર્ય પાસે ગઇ. વલ્લભભાઇએ આચાર્યને જવાબ આપ્યો કે, તોછડાઇ માટે મને બાંકડા પર ઊભા રહેવાની મળેલી શિક્ષા મેં ભોગવી લીધી.તેથી વધારાની શિક્ષા વાજબી નથી. હું છઠ્ઠા ધોરણનો વિદ્યાર્થી છું અને મને છસાત વરસના છોકરાને કરાતી શિક્ષા કરવામાં આવે તે મારું અપમાન છે. મને બીજું લખવાનું કહ્યું હોત તો ઠીક હતું, પણ પાડા લખવાની શિક્ષા મને હલકો પાડવા માટે હતી. જે હું નહીં જ માનું."

એક વખત ગણિતના શિક્ષક કોઇ દાખલો ગણવામાં અટવાયા. વલ્લભભાઇએ કહ્યું કે, સાહેબ તમને દાખલો આવડતો નથી. જેથી શિક્ષકે વલ્લભભાઇને કહ્યું કે, તું ગણી આપ અને માસ્તર થઇ જા. પરિણામે વલ્લભભાઇએ દાખલો ગણી આપ્યો અને થોડો વખત ખુરશીમાં બેસી પણ ગયા !

જૂની યાદ તાજી કરતા વલ્લભભાઇ કહેતા કે, તેઓ પોતે "તોફાનીઓના સરદાર" હતા. તેમને જે તે સમયે વધારાના પુસ્તકો વાંચવા ગમતા નહીં. આમછતાં ગામડાંની કહેવતો અને રૂઢિપ્રયોગો વાપરવામાં એક્કા હતા. એકવાર છોટાલાલ માસ્તરે પૂછેલું કે, આંકના પાડા લાવ્યો છે ? વલ્લભભાઇએ જવાબ આપેલો કે, સાહેબ બસો પાડા લાવ્યો હતો, પણ તેમાં બે તોફાની હતા. દરવાજે તોફાને ચડયા અને તેમણે બીજા બધાને ભગાડી મૂક્યા ! વલ્લભભાઇ સન ૧૮૯૭માં નડિયાદથી મેટ્રીક પાસ થયેલા. છઠ્ઠું અને સાતમું ધોરણ પાસ થવામાં તેમને બે વરસને બદલે ત્રણ વરસ લાગ્યાં હતાં, કારણ કે તેઓ ગણિતમાં નાપાસ થયા હતા.

અંતમાં વલ્લભબાઇ માટે જાણીતો પ્રસંગ લોખંડના ગરમ સળિયા વડે ગૂમડું ફોડવાનો તે વાગોળીએ. તે સમયે વલ્લભબાઇની ઉંમર લગભગ પચ્ચીસ વરસની હતી. પ્લીડરની પરીક્ષા માટે સારી રીતે વાંચન કરવા તેઓ તેમના બે મિત્રો કાશીભાઇ દેસાઇ અને છોટાભાઇ વડોદરા રાજ્યના બાકરોલ ગામે આવ્યા હતા. કરમસદ નજીક આવેલા આ ગામમાં દેસાઇની હવેલીમાં બીજે માળ એક ઓરડામાં વાંચન માટે વલ્લભભાઇ રોકાયા હતા, ત્યારે તેમને બગલમાં ગૂમડું થયેલું. બાકરોલના લોકો દાંત ખેંચાવવા કે ગૂમડું ફોડાવવા માટે માધા રાત પાસે જતા. જેને વલ્લભભાઇએ બોલાવેલ. હજામ માધા રાત સળિયો લઇને આવેલા. હવેલીમાં આગ સળગાવીને સળિયો તપાવવામાં આવેલો, પણ ગૂમડું ફોડવાની હિંમત હજામની ચાલી નહીં. માધા રાતને ઠપકો આપીને વલ્લભભાઇએ જાતે ગરમ સળિયો લઇને જ ગૂમડું ફોડી નાંખ્યું હતું. આ અરસામાં બનેલો અન્ય પ્રસંગ વલ્લભભાઇના વ્યક્તિત્વનું બીજું પાસું રજૂ કરે છે. કાશીભાઇના પિતા ગુજરી ગયા હતા અને તેમના મિત્ર કાશીભાઇ અને વલ્લભભાઇની સંભાળ રાખતા. આ મિત્રના પત્ની છ માસનું છોકરું મૂકીને ગુજરી ગયાં ત્યારે વલ્લભભાઇએ છોકરાની સાચવણ ઉપાડી લીધી, વલ્લભભાઇ તે છોકરાની બાજુમાં સૂઇ જતા, દૂધ પાતા અને તેના બાળોતીયા પણ ધોઇ નાખતા. ( સાભાર : સરદાર પટેલ, એક સમર્પિત જીવન)